પોલીસ કમિશ્નરની કચેરી,
વિશેષ શાખા, પોલીસ ભવન,
જેલ રોડ વડોદરા શહેર. ૩૯૦૦૦૧
ટેલીફોન નં.૦૨૬૫-૨૪૨૩૯૫૦
કંટ્રોલ રૂમ ફેકસ નં.૦૨૬૫-૨૪૩૨૫૮૨
e-mail ID : cp-spl-vad@gujarat.gov.in

ક્રમાંકઃજી/સીપી/વિ.શા./ડ્રોન કેમેરા જાહેરનામું/ ૧૦૩૧ /૨૦૨૫ તા.૨૫/૦૨/૨૦૨૫

## જાહેરનામું
## ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ

વંચાણે લીધુ:

(૧) ભારત સરકારશ્રીના ગ્રુહ મંત્રાલયના પત્ર ક્રમાંક:VI-23014/209/IND/2018-VS DATE:10/05/2019
(૨) ગુજરાત સરકારશ્રીના ગ્રુહ વિભાગના પત્ર ક્રમાંક:SB-1/KAV/102019/GOI-175 DATE:22/05/2019
(૩) અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી(ઇન્ટેલીજન્સ) ગુ.રા. ગાંધીનગરના પત્ર ક્રમાંક:જી-૨/ડ્રોન/કામગીરી/૭૮૯/૨૧ તા:૦૧/૧૧/૨૦૨૧

વડોદરા શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં આવેલા વાઇટલ ઈન્સ્ટોલેશન, આર્મી કેન્ટોનમેન્ટ, એરપોર્ટ, V.V.I.P./V.I.P. રહેઠાણ તેમજ કચેરીઓ, અગત્યની સરકારી કચેરીઓ વગેરે જગ્યાની સુરક્ષા કરવાની જવાબદારી શહેર પોલીસની છે. UAV (Unmanned Aerial Vehicle) કે જેમાં રીમોટ કંટ્રોલ સંચાલીત કેમેરા લગાડેલા ડ્રોન અથવા એરિયલ મિસાઈલ, હેલીકોપ્ટર, રીમોટ કંટ્રોલ, માઈક્રોલાઈટ એરક્રાફટ કે પેરાગ્લાઈડર જેવા સંસાધનોથી દેશ વિરોધી સંગઠનો, આતંકવાદીઓ અને ભાંગફોડીયા તત્વો ગેરલાભ લઈને વડોદરા શહેરની સુરક્ષાને હાની પહોંચાડે તે શકયતા નકારી શકાય નહીં. તેમજ તાજેતરમાં જમ્મુ-કાશ્મીરમાં બનેલ ડ્રોન હુમલાના બનેલ બનાવ તથા આ પ્રકારના સંસાધનોથી શહેરમાં આતંક ફેલાવી સુલેહ, શાંતિ તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જોખમાય, તેમજ લોકોના જાનમાલને નુકશાન કરે તેવી શકયતા રહેલી છે. જેથી પોતાના અંગત વ્યવસાય માટે ઉપર જણાવેલ UAV (Unmanned Aerial Vehicle) ઉપર નિયંત્રણ મુકવુ જરુરી જણાય છે.

જેથી નરસિમ્હા કોમાર, I.P.S, પોલીસ કમિશ્નર, વડોદરા શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, નીચે જણાવેલ વડોદરા શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં નીચેના કૃત્યો માટે પ્રતિબંધ ફરમાવુ છુ.

### :પ્રતિબંધિત કૃત્યો :

વડોદરા શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં U.A.V(Unmanned Aerial Vehicle) કે જેમાં રીમોટ કંટ્રોલ સંચાલીત કેમેરા લગાડેલા ડ્રોન અથવા એરિયલ મિસાઈલ, હેલીકોપ્ટર, રીમોટ કંટ્રોલ, માઈક્રોલાઈટ એરક્રાફટ કે પેરાગ્લાઈડર ચલાવનાર સંચાલકે કે જેઓ પોતાના અંગત વ્યવસાય માટે રાખતા હોય છે. તેના માલિકે આ U.A.V (Unmanned Aerial Vehicle) ની સંપૂર્ણ માહિતી જેવી કે મોડલ નંબર, વજન, ક્ષમતા અને ઉપયોગની વિગતો સાથે DGCA (DIRECTOR GENERAL CIVIL AVIATION ) DIGISKY એપ ઉપર રજીસ્ટ્રેશન કરાવવાનુ રહેશે અને જરૂરી વિગતો અપલોડ કરવાની

રહેશે અને ડ્રોન રજીસ્ટર કર્યા અંગેની માહિતી જે તે વિસ્તારના પો.સ્ટે.માં આપવાની રહેશે. અને એરપોર્ટ, આર્મી કેન્ટોનમેન્ટ,IOCL,RPCLના ત્રણ કિલોમીટરના પરીઘમાં તેમજ વાઇટલ ઇન્સ્ટોલેશનના બે કિલોમીટરના પરીઘમાં આવેલ જમીન ઉપરના ગ્રાઉન્ડ સ્ટેશનના ફીકસ્ડ પ્લેટફોર્મના વિસ્તારમાં U.A.V (Unmanned Aerial Vehicle) "નો ફ્લાય ઝોન" જાહેર કરુ છુ.

ઉપરોક્ત બાબતોને ધ્યાને લેતા વડોદરા શહેરના અત્રેની કચેરીના રેકર્ડ ઉપર સમાવિષ્ટ કરેલ રેડ ઝોન અને યલ્લો ઝોન મળી કુલ-૮૧ ઝોનના વિસ્તારોને અત્રેની કચેરીથી રીમોટલી પાઇલોટેડ એરક્રાફ્ટ સીસ્ટમ (RPAS) DRONE–UAV અંગેની ડાયરેકટર જનરલ સિવિલ એવિએશન, ભારતનાઓની ગાઇડલાઇન મુજબ DRONE–UAV ઉડાડવા માટે પ્રતિબંધિત વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવેલ છે. આ વિસ્તારમાં કોઇપણ સમયે DRONE –UAV ઉડાડવા માટે લાગતા વળગતા અરજદાર/ઓપરેટરશ્રીએ સંબંધિત કચેરી, વિભાગ તથા DGSKY (એપ્લીકેશન) ઉપર અપલોડ કરેલી વિગતે પરવાનગી લઇ DRONE –UAV ઉડાડવાની કાર્યવાહી કરવાની રહેશે. તેમજ ડ્રોન U.A.V(Unmanned Aerial Vehicle)નો ઉપયોગ કરતાં પહેલા ૨૪ કલાક અગાઉ જે વિસ્તારમાં ઉપયોગ કરવાનો હોય તે વિસ્તારના પોલીસ સ્ટેશનના થાણા ઇન્ચાર્જશ્રીને જાણ કરવાની રહેશે

**-: <u>અમલવારીનો પિરિયડ અને વિસ્તાર</u> :-**

આ હુકમનો અમલ તા.૨૬/૦૨/૨૦૨૫ ના કલાક ૦૧:૦૦ થી તા.૨૬/૦૪/૨૦૨૫ ના કલાક ૨૪:૦૦ સુધી વડોદરા શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં કરવાનો રહેશે.

**: <u>અપવાદ</u> :**

સુરક્ષા એજન્સીના રીમોટ કંટ્રોલ માઇક્રો લાઇટ એરક્રાફ્ટને આ જાહેરનામામાંથી મુક્તિ આપવામાં આવે છે.

**<u>:: શિક્ષા ::</u>**

આ હુકમ અન્વયે વડોદરા શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં ફરજ બજાવતાં અ.હે.કો તથા તેનાથી ઉપરના દરજ્જાના કોઈપણ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

ઘણી જ અગત્યની તાકીદની પરિસ્થિતિના નિર્માણ સંદર્ભમાં તાત્કાલિક આ કાર્યવાહી કરવાની આવશ્યકતા જણાતા તથા તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, આથી એક તરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ (G.P.Act) ની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ :-૨૨/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

Commissioner of Police
Vadodara City, Vadodara

**(નરસિમ્હા કોમાર)**
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર

પ્રતિ,
(૧) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ
(૨) વડોદરા શહેર તમામ પોલીસ સ્ટેશન ઈન્ચાર્જશ્રીઓ (નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ.)
(૩) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ
(૪) વડોદરા શહેર કંટ્રોલ રૂમ ઈન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો દ્વારા પ્રસિધ્ધી કરાવવા સારૂ

<u>નકલ રવાના</u> :-
(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા
(૩) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા
(૪) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૫) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ, વડોદરા.
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા
(૭) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા.
(૮) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.
(૯) પોલીસ અધિક્ષકશ્રી, રેલ્વે વડોદરા તથા પોલીસ ઈન્સ્પેકટરશ્રી, વડોદરા રેલ્વે પોલીસ સ્ટેશન, વડોદરા.
(૧૦) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.
(૧૧) મેનેજરશ્રી,સરકારી પ્રેસ,વડોદરા (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારૂ)
(૧૨) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૧૩) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા તાલુકા, વડોદરા.
(૧૪) સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી કચેરી, વડોદરા.
**૨/-** સ્થાનિક વર્તમાનપત્રોમાં તથા ચેનલોમાં વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા વિનંતી સહ.